ઐસા ભી હોતા હે...

પાલનપુર શહેરમાં શોપિંગના શૌચાલય તોડી દુકાન બનાવી દેતા લોકો જાહેરમાં શૌચક્રિયા કરવા મજબુર બન્યા

પાલનપુર, તા.૩૧

ગુજરાત રાજ્ય સહિત અનેક જગ્યાઓએ જાહેરમાં શૌચક્રિયા ન કરવા માટે વારંવાર સરકાર મસમોટી જાહેરાત કરી લોકજાગૃતિ લાવવાનો પ્રયાસ કરે છે ત્યારે પાલનપુર શહેરના પંચરત્ન શોપિંગ

તસવીર : હરેશ જોષી

સેન્ટરમાં શૌચાલય ની જગ્યા એ એક વેપારીએ દુકાન બનાવી દેતા વેપારીઓ અને ગ્રાહકોને જાહેરમાં શૌચક્રિયા કરવા મજબુર બન્યા છે.

જિલ્લા મથક પાલનપુર માં અનેક શોપિંગ સેન્ટર માં પાર્કિંગ માટેની વ્યવસ્થા ના હોવાના લીધે ગ્રાહકો અને પાલનપુર વાસીઓ મુશ્કેલી વેઠી રહ્યા છે ત્યારે હવે પાલિકાના સત્તાધીશો ની મિલી-ભગત ના લીધે શોપિંગ માં લોકો માટે બનવામાં આવેલ શૌચાલય ની જગ્યા તોડી દુકાનો બનાવામાં આવી રહી છે. પાલનપુર શહેરના હાર્દસમા પંચરત્ન શોપિંગ સેન્ટર માં ૧૬૦ દુકાનો આવેલી છે જેમાં આ શોપીંગ માં આવતા ગ્રાહકો અને વેપારીઓ માટે શૌચાલય બનાવામાં આવ્યું હતું જો કે પાલિકા ના સરકારી બાબુઓ અને ચૂંટાયેલા પદાધિકારીઓ ની મિલી ભગત ના લીધે એક વેપારીએ મુતરડી માટે જગ્યા તોડી કોઈ ના પણ ડર વગર મસમોટી દુકાન બનાવી દીધી છે આ મામલે સ્થાનિક વેપારીઓ પાલિકા અને જિલ્લા કલેકટર ને રજૂઆત કરવા છતાં હજુ કોઈ જ કાર્યવાહી થઇ નથી નવાઈ વાત એ છે કે ૧૬૦ દુકાનો નું બનેલ આ શોપીંગ સેન્ટર કોઈજ શૌચાલય ના હોવાના લીધે જાહેર શૌચક્રિયા કરતા લોકો અમારા કેમેરામાં કેદ થયા હતા મહત્વની વાત એ છે કે અહીંયા ખરીદી માટે આવતી મહિલાઓને પણ શરમાવું પડે છે આ અંગે સ્થાનિક વેપારી વિજયભાઈ ખત્રીએ ગંભીર સમસ્યા ના મામલે પણ પોતાનો રોષ પ્રગટ કરતા જણાવ્યું હતું કે આ શોપિંગ સેન્ટરમાં ૧૦૦ થી વધુ દુકાનદારો છે અને જેમાં એક જ શૌચાલય હતું જે શૌચાલય પણ તોડી ત્યાં દુકાન બનાવી દેતા દુકાનદારો અને ખરીદી કરવા આવતા લોકોને શૌચક્રિયા જાહેરમાં કરવા માટે મજબુર બનવું પડે છે તેમજ અન્ય એક વેપારી ત્રિપાલભાઈ રાઠી એ પણ રોષ પ્રગટ કરતા જણાવ્યું હતું કે આ અંગેની વારંવાર પાલિકા તંત્રને તેમજ કલેકટર કચેરી ખાતે રજુઆત કરવા છતાં પણ કોઈજ યોગ્ય પગલાં લેવાતા નથી.

ડીસામાં વિજીલન્સની ટીમે દારૂ ભરેલી ગાડી ઝડપી

ડીસાનાં મારુતિ પાર્કમાં ફિલ્મી ઢબે દારૂ ભરેલી ગાડી ઘુસી આવી હતી અને વિજીલન્સ તેનો પીછો કરી રહી હતી જયારે રહીશોએ ગાડી પકડી હતી અને ગાડી ચાલક ફરાર થઇ ગયો હતો

૩૧ ફસ્ટની ઉજવણીને થઇ રહી છે અને જેમાં બનાસકાંઠાએ સરહદી વિસ્તાર છે જેમાં મોટાપાયે વિદેશી દારૂની હેરફેર થતી હોય છે જેને કારણે વિજીલન્સનાં બનાસકાંઠામાં ધામા છે અને જયારે આજે જે ઘટના બની છે છે ત્યારે વિજીલન્સની ટીમ ડીસામાં વોચમાં હતી તે દરમિયાન જ એક સફેદ રંગની હુન્ડાઈ આઈ ૨૦ કાર ડીસા તરફથી પસાર થઇ રહી હતી અને વિજીલન્સની ટીમે બાતમીના આધારે આ ગાડીનો પીછો કર્યો હતો અને અને જયારે આ ગાડીનો પીછો કરતા આ કાર ચાલક તેની ગાડી લઈને રહેણાંક વિસ્તાર મારુતિ પાર્ક સોસાયટીમાં ઘુસી ગયો હતો જે પ્રકારે ફિલ્મી ધાબે એક બાદ

તસવીર : કાંતિલાલ લોધા

એક ગાડીઓ સોસાયટીમાં ઘુસી આવી હતી જેને લઈને સ્થાનિકોમાં અચરજ હતું જે પ્રમાણે ફિલ્મી ઢબે ગાડીઓ સોસાયટીમાં પ્રવેશી હતી જેને લઈને સ્થાનિક લોકો બહાર આવી ગયા હતા અને જયારે તેઓને ખબર પડી કે આ ગાડીમાં દારૂ ભરેલો છે અને તેની પાછળની ગાડી છે તે વિજીલન્સની છે.

જે ૩૧ ફસ્ટની ઉજવણીના પ્રસંગે ડી.જી.વિજીલન્સની ટીમેં દારૂબંધીનાં કડક કાયદાનું અમલ માટે બનાસકાંઠામાં ધામા નાખ્યા છે અને જે આનું જ પરિણામ છે કે જે આ ગાડીમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી પડી છે અને હાલમાં સ્થાનિક પોલસને જાણ કરતા સ્થનિક પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને દારૂ ભરેલી આ ગાડીને ડીસા શહેર ઉતર પોલીસ મથકે લઈ જવામાં આવી છે અને જે ગાડી ચાલક છે તે ફરાર છે તે ગોતવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

જયારે જોવાનું એ રહે છે કે આજે ડી.જી.વિજીલન્સ ટીમે આ રેડ કરી છે અને હવે સ્થાનિક પોલસ આ મામલે શું તપાસ કરે છે અને જે આ રેડ ડી.જી.વિજીલન્સ ડીસા ઉતર પોલીસ મથક વિસ્તારમાંથી ગાડી જડપી છે ત્યારે જોવાનું એ રહ્યું છે એક જીલ્લા પોલીસ વડા સ્થાનિક પોલીસ પર શું એક્શન લેશે જે અગત્યુંનું રહશે.આ આર્ટીકલ લખાય છે ત્યાર સુધી પોલીસ ફરિયાદ લખવાની કાર્યવાહી ચાલી રહી છે જેથી ચોક્કસ મુદ્દામાલની પુષ્ટી કરી નથી શકિત પણ જે પ્રમાણે મળતી માહિત મુજબ અંદાજી કી.રૂ.૨.૫ લાખ નો મુદ્દામાલ હોવાનું અનુમાનિત છે હજુ અમુક સવાલો ઉભા જ છે આ ગાડી કોની છે અને ફરાર આરોપી કોણ છે અને આ દારૂ ક્યાંથી આવતો હતો અને ક્યાં લઈ જવાતો હતો.

અરવલ્લી જિલ્લા પોલીસે ૨૦૧૮માં અધધ...

૧૦ કરોડથી વધુનો દારૂ ઝડપ્યો ૧૧ કરોડથી વધુના વાહનો જપ્ત

મોડાસા, તા.૩૧

ગુજરાતમાં રાજ્ય સરકારે દારૂબંધીનો શખ્ત કાયદો બનાવવા છતાં ગાંધીના ગુજરાતમાં દારૂ માંગો ત્યાં મળી રહે છે ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગ નો વાઘ સાબિત થઈ રહી છે અરવલ્લી જીલ્લો રાજસ્થાન રાજ્યને અડીને આવેલો હોવાથી પર પ્રાંતીય અને પ્રાંતીય બુટલેગરો જીલ્લાની વિવિધ સરહદો પર થી રાજ્યમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા પ્રોહિબિશન એક્ટ હેઠળ ઝડપેલા જથ્થા કરતા ૨ ગણો વધુ દારૂ ગુજરાતમાં અરવલ્લી જીલ્લાના વિવિધ માર્ગે ઘૂસણખોરી કરવામાં બુટલેગરો સફળ રહ્યા હોવાની અનેબુટલેગરોના હમા છેક ગાંધીનગર સુધી પહોંચતા હોવાથી બિન્દાસ્ત પોલીસ જવાનો પર હુમલા કરતા પણ અચકાતા ન હોવાની માહિતી પોલીસતંત્રના સૂત્રો પાસે થી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા ૧ જાન્યુઆરીથી ૨૦૧૮ થી ૩૦ ડિસેમ્બર ૨૦૧૮ સુધીના સમય ગાળામાં વિવિધ નાના મોટા વાહનો મારફતે ઘુસાડાતો દારૂનો જથ્થો જીલ્લા

પોલીસ તંત્ર દ્વારા જપ્ત કરી ૧૬૦૯ પ્રોહિબિશન એક્ટ હેઠળ નોંધી ૧૦ કરોડ ૧૨ લાખ પંદર હજાર ૪૯૮ રૂપિયાનો દારૂ ઝડપી પાડી દારૂની હેરાફેરીમાં બુટલેગરોએ ઉપયોગમાં લીધેલ વાહન તથા અન્ય મુદ્દામાલ ૧૧ કરોડ ૧૧ લાખ ૮૯ હજાર ૭૮૯ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપવામાં સફળતા મળી હતી જીલ્લા પોલીસતંત્ર દ્વારા એક વર્ષના સમયગાળામાં કુલ રૂ.૨૧, ૨૬૧, ૮૬૭૭/- નો કુલ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

બુટલેગરોમાં સૌથી વધુ શામળાજી રતનપુર ચેકપોસ્ટ નેશનલ હાઈવે મારફતે વિદેશી દારૂ ઘુસાડી રાજ્યમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાડી દારૂની નદીઓ વહાવી રહ્યા છે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે બુટલેગરો પર શખ્ત કાર્યવાહીના આદેશના પગલે મોટા પ્રમાણમાં વિદેશી દારૂ જીલ્લા પોલીસતંત્ર દ્વારા ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જિલ્લા પોલીસ તંત્રએ ત્રીસ દિવસમાં ૧૦૧ નાસતા ફરતા આરોપીઓને ઝડપી જેલ ભેગા કર્યા

મોડાસા, તા.૩૧

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમાટે પેરોલ જમ્પ કરી ફરાર અને નાસતા-ફરતા આરોપીઓને પાછા જેલના સળિયા પાછળ ધકેલી દેવા વિવિધ ટિમો બનાવી કામગીરી કરતા એક મહિનાના સમયગાળા દરમિયાન ૧૦૧ નાસતા-ફરતા આરોપીઓને દબોચી લીધા હતા.

અરવલ્લી જિલ્લા માં અલગ અલગ તાલુકામાં વિવિધ ગુના જેવાકે ઘરફોડ ચોરી - પ્રોબ્રિહેશન -મારામારી જેવા અન્ય ગુન્હા માં ફરાર આરોપીઓ ને પકડવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલ ની કુનેહ અને એક સ્પેશિયલ ટિમ બનાવી જિલ્લા ના અલગ અલગ પોલીસ સ્ટેશન માં ગુન્હા માં સન્ડોવાયેલા આરોપીઓ ને જિલ્લા ની પોલીસ ને ખૂબ મોટી સફળતા મેળવી છે જેના લીધે ગુન્હો કરી ને નાસતા ફરતા આરોપીઓ માં ફફડાટ વ્યાપ્યો છે અત્યાર સુધી માં માત્ર ત્રીસ દિવસ ના ટૂંકા ગાળા માં વર્ષો થી ફરાર આરોપીઓ ૧૦૧ ને પકડી લેવાય છે આમ જિલ્લા પોલીસ વડા ની આગવી કુનેહ અને જિલ્લા ની પોલીસ ને આ યસ મળેલ છે.

પ્રાંતિજમાં ૧૦૦ વર્ષ જુની લાયબ્રેરી ખાતે કૉફી વીથ કિતાબ કાર્યક્રમ યોજાયો

યુવા વર્ગને પુસ્તકો તરફ આકર્ષિત કરવાનો અનોખો પ્રયોગ : યંત્રયુગમાં મોબાઈલ આવતાં યુવાનો પુસ્તકો પ્રત્યેનો પ્રેમ ઘટતા કોફી વિથ કીતાબ કાર્યક્રમ દ્વારા આકર્ષિત કરવામાં આવ્યાં

પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૧૦૦ વર્ષ જુની લાયબ્રેરી ખાતે પુસ્તક પ્રેમીઓને

તસવીર : સંજય રાવલ

આકર્ષવાનો કોફી વીથ કિતાબ કાર્યક્રમ યોજાયો.

હાલ યંત્ર યુગ માં મોબાઈલ પાછળ યુવા ધન દ્વારા આધરી દોટ મુકતાં યુવાનોને તથા પુસ્તક પ્રયત્ની રુચિ ધરાવતા પુસ્તક પ્રેમીઓને આકર્ષવા માટે નો પ્રાંતિજ બજાર ચોક માં આવેલ ૧૦૦ વર્ષ જુની લાયબ્રેરી રમણ પુસ્તકાલય ખાતે અનોખો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં યુવાનો પુસ્તક પ્રેમીઓ, વુધ્ધો સહિત ગ્રામના આગેવાનો ને આકર્ષવા માટે કોફી વીથ કિતાબ કાર્યક્રમ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હતું અને જેમાં કેટલાક યુવાનોવુધ્ધો, પુસ્તકાલય ખાતે આવ્યાં અને જેમાં લાયબ્રેરીના વહીવટ કરતાં હસમુખ ભાઈ કડીયા દ્વારા પુસ્તક પ્રેમીઓને પુસ્તક ને લગતાં અને જ્ઞાન સાથેના સવાલો ની ચીઠ્ઠી દ્વારા સવાલ જવાબ નું આયોજન કરવામાં આવ્યું હતું તો યુવાનો બાળકો વિદ્યાર્થીઓ વુધ્ધોને કેવા પુસ્તકો ગમે તે વિષે તેમનો અભિપ્રાય સહિત કોફી વીથ કિતાબ કાર્યક્રમ દ્વારા પ્રશ્નોતરી યોજાઈ હતી તો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નગરપાલિકા કોર્પોરેટર મોહસિન ભાઈ છાલોટિયા દ્વારા કરવામાં આવ્યું હતું. તો આ પ્રસંગે નગરપાલિકા ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, ઉદણવાલા સાહેબ, ફરીદભાઈ પુરાલવાલા, ઉમરભાઈમુન્શી, રતિભાઈ પ્રજાપતિ, રતિભાઈ ટેકવાણી સહિત યુવાનો, વિદ્યાર્થીઓ , વુધ્ધો, પુસ્તક પ્રેમીઓ નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રેમિકા સાથે ભાગી ગયેલ યુવકે પોલીસના હાથે ઝડપાઈ ગયા બાદ આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર

ડીસા

બનાસકાંઠાના દિયોદર તાલુકાના વખા ગામનો દશરથભાઈ ધારસિંહભાઈ પરમાર નામનો યુવક ત્રણ માસ અગાઉ વડિયા ગામની યુવતીને ભગાડી ગયો હતો. જોકે આ મામલે દિયોદર પોલિસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે બે દિવસ આગાઉ આ પ્રેમીયુગલને ઝડપી લઈ યુવતીને પરિવારજનોના હવાલે કરી યુવક વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન, ગત રોજ આ લઘુશંકાના બહાને જેલમાંથી બહાર નીકળેલા આ યુવકે પોતાના હાથ પર બ્લેડના ઘા મારી આપઘાતનો પ્રયાસ કરતા તેને ગંભીર ઈજાઓ થઈ હતી.આ યુવકને દિયોદર ખાતે પ્રાથમિક સારવાર અર્થે અપાવ્યા બાદ પોલીસ જાપતા સાથે વધુ સારવાર અર્થે ડીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.હાલ આ યુવક સારવાર હેઠળ છે અને હાલ તેની હાલત સ્થિર હોવાનું ફરજ પરના તબીબે જણાવ્યું છે. જોકે હાલ પોલિસ જાપા હેઠળ આ યુવકની સઘન સારવાર કરાઈ રહી છે.

પાલનપુર-અમદાવાદ હાઈવે પર ક્રેનમાં આગ લાગી

પાલનપુરમાં વાહનોમાં આગ લાગવાની બે ઘટનાઓ ઘટી હતી. શહેરના ગુરુનાનક ચોકમાં કારમાં આગ લાગ્યા બાદ અમદાવાદ હાઈવે પર એક ક્રેનમાં પણ આગ લાગવાનો બનાવ બન્યો હતો. પાલનપુર-અમદાવાદ હાઈવે પર એક ક્રેનમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી.ક્રેનમાં આગ લાગતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

સાબરકાંઠામાં નવા વર્ષના વધામણા માટે પાર્ટીઓ યોજાઈ

પોલીસની સતત ધોસને કારણે દારૂના રસિયાઓમાં નિરાશા

હિંમતનગર, તા.૩૧

૩૧મી ડિસેમ્બર એટલે વર્ષ ૨૦૧૮નો છેલ્લો દિવસ ગણવામાં આવે છે ત્યારે તેની ઉજવણી માટે ખાસ કરીને યુવાધન વધુ રસ લેતું હોય છે ત્યારે સોમવારે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિત અન્ય સ્થળે લોકોએ ખાણીપીણી અને સંગીતના તાલે નાચીને ઉજવણી કરી હતી. તથા જિલ્લામાં રહેતા ખ્રિસ્તી પરિવારોએ પણ નવા વર્ષની વધામણી માટે અનોખું આયોજન કર્યું હતું.

હિંમતનગરના મોતીપુરા ખાતે આવેલ એક પાર્ટી પ્લોટમાં સોમવારે સાંજે ડીજેના તાલ સાથે અનેક લોકોએ સંગીતનો રસાસ્વાદ માણી આનંદ માણ્યો હતો. ઉપરાંત કેટલીક સોસાયટીઓ તથા અન્ય નાના પાર્ટી પ્લોટોમાં પણ બાય-બાય ૨૦૧૮ તથા વેકલમ ૨૦૧૯ ના બેનર હેઠળ વિવિધ કાર્યક્રમ યોજીને પાર્ટીઓમાં હોંશભેર ભાગ લીધો હતો.

તો બીજી તરફ દારૂના રસિયાઓ પણ નવા વર્ષની ઉજવણીનો આનંદ મેળવવા માટે દારૂ પીવાનું અંદરખાને આયોજન કરી રહ્યા હતા પરંતુ તેમને પોલીસનો ડર હોવાને કારણે તેઓ ખચકાટ અનુભવતા હતા. દરમિયાન પોલીસે અગાઉથી આયોજન કરીને ચેકિંગની કાર્યવાહી વધુ સઘન બનાવીને કાર્યવાહી શરૂ કરી દીધી હોવાને કારણે આવા દારૂના શોખીનો પોલીસના હાથે પકડાઈ ન જાય તે માટે એવા ગુપ્ત સ્થળોની શોધમાં હતા. તેથી હવે જોવાનું એ રહે છે કે સોમવારે દારૂ પીતા પકડાયેલા લોકો સામે પોલીસે અગાઉ જે ધાક ઉભી કરી છે તે મુજબ કેવા પગલા લેવામાં આવે છે તે અંગે મંગળવારે ખબર પડી જશે.

હિંમતનગરના સ્મશાન ગૃહ અંતિમ સંસ્કાર માટે નવી વ્યવસ્થા

હિંમતનગર, તા.૩૧

સામાન્ય રીતે હિંદુ સમાજમાં મોટાભાગની જ્ઞાતિઓમાં કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ બાદ તેના અગ્નિ સંસ્કાર કરવાની પરંપરા આદી અનાદીકાળથી ચાલી આવે છે. ત્યારે અગ્નિ સંસ્કારમાં વપરાતા લાકડા મેળવવા માટે મોટે ભાગે લીલા વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવે છે. જેના લીધે સતત ચાલતી આ પ્રવૃત્તિને કારણે પર્યાવરણ પર ખરાબ અસરો થવાની શરુઆત થઈ ગઈ છે ત્યારે હિંમતનગર નગરપાલિકાએ પર્યાવરણને બચાવવા માટે તાજેતરમાં ગેસ સંચાલિત સગડી સ્મશાન ગૃહમાં ઉપલબ્ધ કરાવી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરમાં પાલિકા સંચાલિત ત્રણ સ્મશાનગૃહો આવેલા છે. જેમાં ખેડ તસીયા રોડના નાકા નજીક, મહેતાપુરા બ્રિજ નીચે તથા હિંમતનગરની મધ્યમાં ગણાતા મુખ્ય બીએસએનએલ કચેરીની બાજુમા છે. જે પૈકી આ મુખ્ય સ્મશાનગૃહનો ઉપયોગ વધુ થાય છે. અહીં પાલિકા દ્વારા અત્યાર સુધી અંતિમ ક્રિયા માટે લાકડાની વ્યવસ્થા કરાતી હતી. પરંતુ છેલ્લા કેટલાંક સમયથી અનિયમિત વરસાદ અને પર્યાવરણ સામે તોળાઈ રહેલા જોખમોને ધ્યાનમાં રાખીને હિંમતનગર પાલિકાએ ગેસથી ચાલતી સગડી સ્મશાનગૃહમાં ઉપલબ્ધ કરાવી છે.

તાજેતરમાં મુકાયેલી આ ગેસ સંચાલિત સગડીનો ઉપયોગ અનેક સમજુ પરિવારના ડાઘુઓ દ્વારા કરવાનું શરૂ કરાયું છે. જે અંગે આગામી સમયમાં જેમ જેમ જાગૃતિ આવશે તેમ તેમ ગેસ સંચાલિત સગડીનો ઉપયોગ વધુ થશે. શહેરના અનેક સમજુ લોકોનું માનવું છે કે નગરપાલિકા દ્વારા ધીરે ધીરે બાકીના બે સ્મશાનગૃહોમાં ગેસ સંચાલિત સગડી ઉપલબ્ધ કરાવીને અંતિમ ક્રિયામાં વપરાતા લાકડાનો ઉપયોગ સદંતર બંધ કરાવવો જોઈએ.

વારાહીમાં થયેલા હીચકારા હુમલાના વિરોધમાં બનાસકાંઠા સમસ્ત હિન્દુ સમાજ દ્વારા પાઠવ્યું આવેદનપત્ર

પાલનપુર, તા. ૩૧

તાજેતરમાં પાટણ જીલ્લાના વારાહી ખાતે કેટલાક અસામાજિક

તત્વો દ્વારા ગામના જ બ્રાહ્મણ સમાજના લોકો પર હિચકારી હુમલો કરવામાં આવ્યો હતો જેને લઈ પાટણ જીલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને ઠેર ઠેર તાલુકાઓએ અને જીલ્લામાં આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યા છે જેને લઈ આજે સમસ્ત હિન્દુ સમાજ સંગઠન બનાસકાંઠા દ્વારા આજે જીલ્લા કલેકટર ખાતે પહોંચી નિવાસી નાયબ કલેકટર એલ.બી. બાંભણીયા ને આવેદન પત્ર પાઠવ્યું હતું અને હુમલો કરનારા તત્વો ઝડપી પકડી પાડી તેમને કડકમાં કડક સજા થાય તેમજ વારાહીમાં જે હથિયારોના લાયસન્સ છે તેની તપાસ કરી ખોટા પરવાના વાળા લાયસન્સ કેન્સલ કરવા માટેની રજુઆત કરી હતી અને બ્રાહ્મણ પરિવારને ન્યાય આપવાની માંગ કરી હતી. આ પ્રસંગે બ્રહ્મ સમાજના અગ્રણી શૈલેષભાઈ જોશી, હિન્દુ સમાજના યુવા અગ્રણી મનોજભાઈ ઉપાધ્યાય, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ અશોકભાઈ પટેલ, અતુલભાઈ જોશી, અશ્વિન પ્રજાપતિ સહિત હિન્દુ સમાજના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટનો ૫ લાખનો ચેક રિટર્ન થતા ૬ માસની સજા અને વળતર ચુકવવા હુકમ

હિંમતનગરની સમર્થ વિવિધલક્ષી સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીને નાણાં અપાયા હતા

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગરના એક વેપારીએ ચાર વર્ષ અગાઉ સમર્થ વિવિધલક્ષી સેવા ટ્રસ્ટ અને ટ્રસ્ટીના સભ્ય અને ટ્રસ્ટીને નાણાંની જરૂરિયા હોઈ રૂા. ૨૦ લાખ લીધા હતા. અને તે પેટે રૂા. ૫ લાખનો ચેક આપવામાં આવ્યો હતો. પરંતુ આ ચેક રિટર્ન થવા છતાં તેના નાણાં આ વેપારીને ચુકાવવામાં આવ્યા ન હતા. જેથી આ વેપારીએ આ કેસ હિંમતનગરની કોર્ટમાં દાખલ કરાયો હતો. જે અંગેનો ચુકાદો તાજેતરમાં આવતા ચેક રિટર્નના આ કેસમાં ટ્રસ્ટીને છ માસની સજા અને રૂા. ૫ લાખ વળતર પેટે ચુકવી આપવા ન્યાયાધીશે હુકમ કર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના વખારીયા વાડમાં રહેતા કોલ્ડ્રીંક્સનો ધંધો કરતા દિલીપકુમાર પોટપલાલ વખારીયા પાસેથી સમર્થ વિવિધલક્ષી સેવા ટ્રસ્ટના સભ્ય અને ટ્રસ્ટી ભાવેસ રમણલાલ પટેલે ચાર વર્ષ અગાઉ હાથ ઉછીના પેટે તબક્કાવાર રૂા. ૨૦ લાખ લીધા હતા. ત્યારબાદ તે નાણાં પરત કરવાના આશયથી ગત તા. ૮/૪/૨૦૧૫ ના રોજ દિલીપકુમારને રૂા. ૫ લાખને ચેક આપ્યો હતો. જે ચેક દિલીપભાઈએ તેમના ખાતામાં ભર્યો હતો. પરંતુ ચેક રિટર્ન થયો હતો.

જેથી દિલીપભાઈએ આ અંગે ભાવેશભાઈ પટેલને લેખિત અને મૌખિક જાણ કરવા છતાં રૂા. ૫ લાખ પરત આપવાની દરકાર કરાઈ ન હતો. જેથી દિલીપભાઈએ ભાવેશભાઈ પટેલને નોટીસ પણ આપી હતી. તેમ છતાં રૂા. ૫ લાખ પરત ન આવતા દિલીપભાઈએ ભાવેશ રમણલાલ વિરુદ્ધ થોડા સમય અગાઉ હિંમતનગરની બીજા એડીશનલ ન્યાયાધીશની કોર્ટમાં ધી નેગોરશીયેબ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ ચેક રિટર્નની ફરિયાદ દાખલ કરી હતી.

જે અંગે દિલીપભાઈ વખારિયાના વકીલ હિરવ જયસ્વાલે કોર્ટ સમક્ષ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા અને ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખીને ન્યાયાધીશે ભાવેશ રમણલાલ પટેલને ચેક રિટર્ન કેસમાં ૬ માસની સાદી કેદ અને ચેકમાં જણાવેલ રકમ રૂા. ૫ લાખ વળતર પેટે ચુકવી આપવા માટે હુકમ કર્યો હતો. જો ભાવેશભાઈ વળતરની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો.